કપડવંજમાં વિદ્યાર્થીઓના જીવ જોખમમાં: ટ્રાફિકની વિકરાળ સમસ્યા સામે તંત્રની ઘોર નિદ્રા

કપડવંજમાં ત્રિવેણી પાર્કથી ડાકોર ચોકડી સુધીનો માર્ગ 'ડેથ ટ્રેપ' બન્યો

પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ દરરોજ અકસ્માતના ભય નીચે પસાર થવા મજબૂર

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨

કપડવંજ શહેરમાં શાળાઓના સમયે સર્જાતી ટ્રાફિકની ગંભીર સમસ્યા હવે નાગરિકો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. સવારના 10:00 થી 11:00 અને સાંજના 5:00 થી 6:00 ના 'પીક અવર્સ' દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર જાણે જંગ જેવી સ્થિતિ સર્જાય છે. તંત્રની ઉદાસીનતાને કારણે હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ દરરોજ ટ્રાફિકના ચક્રવ્યૂહમાં ફસાઈ રહ્યા છે.

કપડવંજ શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે સીએન વિદ્યાલય, માણેકલાલ દેસાઈ કિશોર મંદિર, શારદા મંદિર અને એમ.પી. હાઈસ્કૂલના અંદાજે પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ દરરોજ આ માર્ગોનો ઉપયોગ કરે છે. ખાસ કરીને કુબેરનગર ચોકડી, ટાઉનહોલ ચોકડી અને ડાકોર ચોકડી પર ટ્રાફિકની સ્થિતિ એટલી હદે વણસે છે કે પગ મૂકવાની પણ જગ્યા રહેતી નથી.

સ્થાનિકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે કારણ કે ભૂતકાળમાં આ ટ્રાફિકની અવ્યવસ્થાને લીધે કેટલાય નિર્દોષ વિદ્યાર્થીઓ અને નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આટલી મોટી જાનહાનિ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાયમી નિકાલ કે નક્કર આયોજન કરવામાં આવ્યું નથી તે એક ગંભીર પ્રશ્ન છે.

કપડવંજ શહેરના જાગૃત નાગરિકો હવે આરપારની લડાઈના મૂડમાં છે. તેમની સ્પષ્ટ માંગ છે કે શાળાના સમયે દરેક મુખ્ય પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ તૈનાત કરવામાં આવે અને નડતરરૂપ લારીઓ તેમજ ગેરકાયદે પાર્કિંગ સામે કડક હાથે કામ લેવામાં આવે.

ટ્રાફિક જામના મુખ્ય કારણો: કોણ જવાબદાર?

દબાણોનો ભરડો: ત્રિવેણી પાર્કથી ટાઉનહોલ સુધીના માર્ગ પર દુકાનદારો દ્વારા કરાયેલા દબાણો અને લારીઓના જમેલા.

ગેરકાયદે પાર્કિંગ: રોડની બંને બાજુ અસ્તવ્યસ્ત પાર્ક કરેલા વાહનો રસ્તાની પહોળાઈ ઘટાડી રહ્યા છે.

પોલીસની ગેરહાજરી: કટોકટીના સમયે મુખ્ય ચોકડીઓ પર ટ્રાફિક પોલીસનો અભાવ સમસ્યાને વધુ વકરાવે છે.

વરસાદથી બચવા શ્રમિકો કન્ટેનરમાં આશરો લીધો હતો

વીરપુરમાં પવનમાં કન્ટેનર હાઉસ ઊડીને ખાડામાં પડતાં એકનું મોત

જૂનાગઢના પાંચ શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત, ટ્રેક્ટરની મદદથી રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધિ) વીરપુર તા.૨

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં શુક્રવારે સાંજના સમયે વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદે મોટી હોનારત સર્જી હતી. વીરપુર-બારોડા કેનાલ પાસે સીમ વિસ્તારમાં કામ કરી રહેલા શ્રમિકો માટે રહેવા મૂકવામાં આવેલું કન્ટેનર હાઉસ ભારે પવનને કારણે હવામાં ફંગોળાઈને બાજુમાં આવેલા પાણી ભરેલા ખાડામાં ખાબક્યું હતું. આ કરૂણ ઘટનામાં એક શ્રમિકનું મોત નીપજ્યું છે,

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના બરડિયા ગામના શ્રમિકો બારોડા કેનાલ વિસ્તારમાં મજૂરી કામ કરી રહ્યા હતા. શુક્રવારે સાંજે અચાનક વીજળીના કડાકા અને ધોધમાર વરસાદ શરૂ થતા છ જેટલા મજૂરો બચવા માટે કન્ટેનર હાઉસમાં ભરાયા હતા. તે જ સમયે આવેલા અચાનક ભારે પવનના વંટોળમાં આખું કન્ટેનર હાઉસ પત્તાના મહેલની જેમ હવામાં ઊડીને ખાડામાં પડ્યું હતું.

આ ઘટના બાદ ઈજાગ્રસ્તોએ ૧૦૮ ને જાણ કરી હતી, પરંતુ ચોક્કસ લોકેશન ન મળતા નજીકના ખેતરમાં કામ કરતા એક વ્યક્તિએ ટ્રેક્ટરની મદદથી તમામ ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને પ્રથમ વીરપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે લુણાવાડાની બાપાશ્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સંતોષભાઈ ગોવિંદભાઈ ક્લાડિયા (ઉ.વ. ૨૩)ને મૃત્યુ પામેલો જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે રોહિત અશોકભાઈ કલાડિયા (ઉ.વ.૧૯), પ્રફુલ્લ મકવાણા (ઉ.વ.૨૭), ઉમેશ જિકાભાઈ રાઠોડ (ઉ.વ.૨૨), રવિભાઈ પ્રફુલભાઈ વિસનોડિયા (ઉ.વ.૨૨) અને મેહુલભાઈ ગામેરા (ઉ.વ૨૨)ને ગંભીર ઈજા પહોંચી હતી.

કોઠંબા:પીકઅપ ડાલાની ટક્કરે કાર ચાલકનું મોત

સાસરીએથી પરત ફરી અમદાવાદ જઈ રહેલા શ્રમિક યુવકને અકસ્માત નડ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨

મહિસાગર જિલ્લાના સોનાવાડા હાઇવે પર પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલા એક પીકઅપ ડાલાએ સામેથી આવતી કારને ટક્કર મારતા યુવકનું મોત નિપજ્યું હતું.

સંતરામપુર તાલુકાના કોતરા ગામે રહેતા અને છેલ્લા સાત વર્ષથી અમદાવાદ ખાતે મજૂરી કામ કરતા દિનેશભાઈ ભેમાભાઈ તાવીયાડ (ઉ.વ. ૩૪) પોતાના પત્નીના પિયર પિપલારા (તા. ફતેપુરા) ખાતે આવ્યા હતા. ગત ૩૧મી જુલાઈના રોજ બપોરે તેઓ મિત્રની કાર લઈને પરત અમદાવાદ જવા નીકળ્યા હતા.

સોનાવાડા ગામ પાસે હાઈવે રોડ પર બપોરના સમયે સામેથી આવી રહેલી પીકઅપ ગાડી (GJ-35-T-0062) ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી ઈકો કારના ડ્રાયવર સાઈડે જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં દિનેશભાઈને શરીરે તેમજ હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે લુણાવાડા અને ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.આ ઘટના અંગે મૃતકના મોટા ભાઈ પંકજભાઈ તાવીયાડની ફરિયાદના આધારે કોઠંબા પોલીસે પીકઅપ ગાડીના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વીરપુરમાં વીજળી પડતા ગાયનું મોત, બે મકાનો ધરાશાયી અને ૧૪ વીજપોલ જમીનદોસ્ત

વીરપુરમાં ૨ કલાકમાં પોણા ચાર ઈંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

બે કોઝવે પાણીમાં ગરકાવ થતા બે ગામો સંપર્ક વિહોણા બન્યા

(પ્રતિનિધિ) વીરપુર તા.૨

વીરપુર તાલુકામાં શુક્રવારે સાંજે ભારે પવન અને ગાજવીજ સાથે ત્રાટકેલા અનરાધાર વરસાદે ભારે તબાહી મચાવી છે. માત્ર બે કલાકમાં ૩.૮૦ ઈંચ વરસાદ નોંધાતા અને ઉપરવાસમાંથી લાવેરી નદીમાં પાણીની ભારે આવક થતા જનજીવન પ્રભાવિત થયું હતું. વરસાદના કારણે પશુહાનિ, મકાનોને નુકસાન અને વીજળી ગુલ થવા જેવી ઘટનાઓ સામે આવી છે.

વીરપુરમાં ભારે વરસાદને પગલે આકલીયાના મુવાડાથી સારીયા અને વીરપુરથી જમીયતપુરાને જોડતા કોઝવે કેડ સમા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ કારણે બંને માર્ગો પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો અને બે ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. રોજીંદા કામકાજ માટે જતા લોકો, વિદ્યાર્થીઓ અને દૂધ ભરવા જતા પશુપાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વર્ષોથી અહીં કાયમી પુલ બનાવવાની માંગ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

અહીં વરસાદી કહેર વચ્ચે ઘાટડા ગામે વીજળી પડતા એક ગાયનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બીજી તરફ કોયડમ અને બોર ગામે બે રહેણાંક મકાનો ધરાશાયી થયા હતાં.

રસ્તાઓ બંધ

ખેરોલી અને વીરપુર-બાલાસિનોર માર્ગ પર વૃક્ષો પડતા રસ્તાઓ બંધ થયા હતા, જે વન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે દૂર કરી ચાલુ કરવામાં આવ્યા હતા. હાલ તંત્ર દ્વારા સમગ્ર તાલુકામાં થયેલ નુકસાનનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે હિંડોળા ઉત્સવનો પ્રારંભ

કલા અને ભક્તિનો અનોખો સંગમ એવા હિંડોળા ઉત્સવ ૨૯ ઓગસ્ટ સુધી ચાલશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આણંદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ભવ્ય અને દિવ્ય હિંડોળા ઉત્સવનો મંગલ પ્રારંભ થયો છે. મંદિરના વિશાળ સભાગૃહમાં આયોજિત આ ઉત્સવમાં કલા, કૌશલ્ય અને ભક્તિનો અનોખો સમન્વય જોવા મળી રહ્યો છે, જે દર્શનાર્થીઓને મંત્રમુગ્ધ કરી રહ્યો છે.

આણંદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે તારીખ ૩૧ જુલાઈથી ૨૯ ઓગસ્ટ સુધી સતત એક માસ માટે હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કલાત્મક હિંડોળાઓમાં ભગવાન અક્ષરપુરુષોત્તમ મહારાજ સહિત વિવિધ અવતારો જેવા કે રાધા-કૃષ્ણ, સીતા-રામ, શંકર-પાર્વતી તેમજ ગુણાતીત ગુરુવર્યોની પૂર્ણ કદની મૂર્તિઓના દર્શન ભક્તોમાં ભક્તિભાવ જગાડી રહ્યા છે.

આ ઉત્સવનું આયોજન કોઠારી પૂજ્ય યજ્ઞસેતુ સ્વામીના માર્ગદર્શન અને દોરવણી હેઠળ સંતો, યુવકો અને કિશોરો દ્વારા કરવામાં આવ્યું છે. આણંદ-વિદ્યાનગરના વિવિધ વિસ્તારોના સત્સંગ મંડળો દ્વારા દરરોજ ભગવાનને વિવિધ પ્રકારના થાળ અને આરતી અર્પણ કરવામાં આવે છે. ભગવતચરણ સ્વામી અને કોઠારી યજ્ઞસેતુ સ્વામીએ સમગ્ર ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય હિંડોળા ઉત્સવનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' વિષય પર 'ચરોતર જ્ઞાન સભા' સંપન્ન

આણંદ | વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અંગે આયોજિત સેમિનારમાં શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

મુખ્ય વક્તા અતુલ કોઠારીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ભારતીયતાનું જીવંત ઉદાહરણ ગણાવી પર્યાવરણ અને સ્વાસ્થ્યના જતન પર વિશેષ ભાર મૂક્યો હતો. ડો. જયેન્દ્ર સિંહે ભારતીય જ્ઞાન પરંપરા અને ભાષાના ગૌરવ સાથે 'મશીન સાથે માનવી'ના અભિગમ દ્વારા કૌશલ્ય વિકાસ કરવા પર ભાર મૂક્યો હતો. કુલપતિ ડો. નિરંજન પટેલે મહાનુભાવોના આહ્વાનને ઝીલીને યુનિવર્સિટી કેમ્પસને વહેલી તકે પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

બોરસદમાં 'પ્રકૃતિ એક વરદાન' અભિયાન હેઠળ ૧૭૫થી વધુ વૃક્ષોનું રોપણ

આણંદ | 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' નિમિત્તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ કસુંબાડ સહિત ત્રણ શાળાઓ અને આરોગ્ય કેન્દ્રમાં હરિયાળી ક્રાંતિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શિક્ષણ વિભાગના આ નવતર અભિગમનો મુખ્ય હેતુ નવી પેઢીના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણની ભાવના જાગૃત કરવાનો અને ધરતીને હરિયાળી બનાવવાનો છે. આ કાર્યક્રમમાં ડો. અર્ચનાબેન પ્રજાપતિ સહિતના મહાનુભાવોએ હાજર રહીને ૧૭૫ જેટલા છોડ રોપ્યા હતા અને પર્યાવરણના સંતુલન માટે પાયાના સ્તરેથી પ્રયાસો હાથ ધર્યા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજની શાહ કેએસ આર્ટ્સ એન્ડ વીએમ પારેખ કોમર્સ કોલેજમાં ગુરુપૂર્ણિમા ઉજવાણી

કપડવંજ | કપડવંજની શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય વક્તા રસિકભાઈ પટેલે પ્રેરક ઉદબોધન આપતા જણાવ્યું કે આપણે ગુરુને શોધવા જવાના નથી, પરંતુ આપણામાં રહેલા શિષ્યત્વને જાગૃત કરવું અનિવાર્ય છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ માતા-પિતાના પૂજનનો સંકલ્પ કર્યો હતો અને પ્રતિકાત્મક રીતે કોલેજના અધ્યાપકોનું વિધિવત પૂજન કરી હતી. આ પ્રસંગે કાર્યકારી આચાર્ય એ.બી. પંડાએ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન ડો. મયંકભાઈ પટેલ અને આભારવિધિ પ્રા. જિતેન્દ્ર બ્રહ્મભટ્ટે કરી હતી.

કપડવંજ એપીએમસીમાં નિલેશ પટેલ ચેરમેન અને દિનેશ પટેલ વાઇસ ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા

કપડવંજ | કપડવંજ એપીએમસીમાં ભાજપના વ્હીપ મુજબ નિલેશભાઈ પટેલની ચેરમેન અને દિનેશભાઈ પટેલની વાઇસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે. જાહેર કરાયેલા ભાજપના ઉમેદવારો સામે અન્ય કોઈએ ફોર્મ ન ભરતા બંને હોદ્દેદારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. ઉલ્લેખનીય છે કે નિલેશભાઈ પટેલ અગાઉ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન પણ ચેરમેન તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યા છે. આ નવનિયુક્ત હોદ્દેદારોને ધારાસભ્ય રાજેશ ઝાલા સહિત જિલ્લા ભાજપના અગ્રણીઓએ ઉપસ્થિત રહી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

કપડવંજમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા 'માતૃશક્તિ બાળ સંસ્કાર કેન્દ્ર વર્ગ'નું સફળ આયોજન

કપડવંજ | વિશ્વ હિન્દુ પરિષદ કપડવંજ જિલ્લા દુર્ગાવાહિની-માતૃશક્તિ દ્વારા આયોજિત આ વિશેષ વર્ગમાં ૪ પ્રખંડની ૪૬ બહેનો સહિત કુલ ૬૮ કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડાકોરના અર્પિતા દીદીના આશીર્વચન અને ક્ષેત્રીય સંયોજિકા કલ્પનાબેન વ્યાસ સહિત જિલ્લાના વિવિધ પદાધિકારીઓનું પ્રેરક માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ તાલીમ વર્ગ દરમિયાન બાળકોમાં સંસ્કાર સિંચન, સેવાકીય કાર્યો અને રાષ્ટ્ર સેવા જેવા પાયાના મૂલ્યો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. મહિલાઓમાં આત્મનિર્ભરતા કેળવવાના વિવિધ વિષયો સાથે આ સુંદર આયોજન ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

નડિયાદ શહેરમાં ભારે વરસાદ વચ્ચે સંતરામ મંદિર દ્વારા જનસેવા કરવામાં આવી

નડિયાદ | નડિયાદ શહેરમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી વરિયાળી માર્કેટમાં સ્થળાંતરિત કરાયેલા ૨૦૦ લોકોને સંતરામ મંદિર દ્વારા ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. રામદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ સતત બીજા દિવસે આ રાહત કામગીરી વેગવંતી રાખવામાં આવી હતી. આ સેવા કાર્ય અંતર્ગત સ્થળાંતરિત લોકો ઉપરાંત નડીઆદની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને પણ બપોરનું ભોજન આપવામાં આવ્યું હતું. સંતરામ મંદિર દ્વારા મુશ્કેલીના સમયે માનવતાવાદી અભિગમ દાખવીને સહાય પહોંચાડવામાં આવી રહી છે.

ખંભોળજમાં જયા પાર્વતી વ્રત નિમિત્તે શિવ મંદિરોમાં 400 કન્યાઓએ પૂજા કરી

આણંદ | ખંભોળજ ગામના સુપ્રસિદ્ધ વૈજનાથ મહાદેવ અને નાગેશ્વર મહાદેવ મંદિરમાં જયા પાર્વતી વ્રતની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ પવિત્ર અવસરે ગામની અંદાજે 400 જેટલી કન્યાઓએ એકત્રિત થઈને ભગવાન ભોળાનાથની વિશેષ પૂજા-અર્ચના કરી હતી. વહેલી સવારથી જ શિવ મંદિરોમાં શ્રદ્ધાળુ કન્યાઓની ભારે ભીડ જોવા મળી હતી, જ્યાં તેઓએ પરંપરાગત વિધિ વિધાન સાથે મહાદેવને રીઝવ્યા હતા. આ વ્રત નિમિત્તે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ છવાયો હતો અને કન્યાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

યુકેમાં ચરોત્તર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલનું ભવ્ય સન્માન કરાયું

આણંદ | યુકેના બરહામ પાર્ક ખાતે 'ભરોડા ઇન યુકે' ગ્રુપ દ્વારા આયોજિત સ્નેહ મિલનમાં CVMના ચેરમેન ભીખુભાઈ બી. પટેલનું તેમની શૈક્ષણિક અને સામાજિક સેવાઓ બદલ 'સંગાથ યુકે' એવોર્ડ આપી વિશેષ બહુમાન કરાયું હતું. આ પ્રસંગે બ્રિટન સ્થિત પાટીદાર પરિવારો દ્વારા તેમને સ્ટેન્ડિંગ ઓવેશન અને સન્માન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ભીખુભાઈ પટેલે શિક્ષણનું મહત્વ સમજાવી CVM દ્વારા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને અપાતા નિ:શુલ્ક શિક્ષણની વિગતો આપી સામાજિક વિકાસમાં મદદરૂપ થવાની ખાતરી આપી હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા સ્થાનિક યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આણંદમાં ફૈથ હોસ્પિટલ અને સક્સેસ ક્લાસીસ દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

આણંદ | આણંદના લાયન્સ હોલ ખાતે ફૈથ હોસ્પિટલ અને સક્સેસ ક્લાસીસ દ્વારા ધોરણ ૧૦, ૧૨ થી લઈને PhD સુધીના તેજસ્વી તારલાઓને ટ્રોફી અને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે ગામડીના માજી સરપંચ ઇસ્માઇલભાઈ બિરાજ્યા હતા, જ્યારે મુખ્ય મહેમાન તરીકે શહેરના નામાંકિત ડોક્ટરો અને તજ્ઞો હાજર રહ્યા હતા. એડવોકેટ આસીમ ખેડાવાલા દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં મહાનુભાવોએ શિક્ષણ અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદની સમક્ષ રિઝવાન સર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

નડિયાદના હઠીપુરામાં ગૌરી વ્રત નિમિત્તે દીકરીઓને ડ્રાયફ્રુટનું વિતરણ કરાયું

નડિયાદ | હઠીપુરામાં ગૌરી વ્રતના પાવન અવસરે મારુતિ ટ્રસ્ટના ટ્રસ્ટી જૈમિનભાઈ અને હનીબેન મહેતા દ્વારા ગામની વ્રતધારી દીકરીઓને ડ્રાયફ્રુટ અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓએ ભગવાન શિવ-પાર્વતીની આરાધના કરી તમામ દીકરીઓના સુખ, સમૃદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ કામના વ્યક્ત કરી હતી. ગ્રામજનો દ્વારા દાતા પરિવારની આ ઉમદા સેવાની પ્રશંસા કરી તેમનો આભાર માની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે સૌએ દાતાશ્રીઓના સુખમય જીવન માટે પ્રાર્થના કરી ગૌરી વ્રતની પવિત્રતા સાથે ઉજવણી કરી હતી.

આણંદમાં ઈન્ડિયન બેંક અને નગર રાજભાષા સમિતિ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું

આણંદ | ઈન્ડિયન બેંક અને નગર રાજભાષા સમિતિ, આણંદના સંયુક્ત ઉપક્રમે સરકારી કર્મચારીઓ માટે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા અને રાજભાષા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિકાંત આનંદની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સરકારી કચેરીઓના સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યશાળા દરમિયાન સરકારી કામકાજમાં રાજભાષા હિન્દી અને સ્થાનિક ગુજરાતી ભાષાના મહત્તમ ઉપયોગ તથા તેના પ્રચાર અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સફળ કાર્યક્રમનું સંચાલન રાજેશ જોષીએ કર્યું હતું અને અંતમાં સંયોજક અનુરાગ આનંદે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.